# 6. મામુનો પ્યાલો

શબ્દાર્થ :

*

ભરજાઈ જવું. ચોરાઈ જવું
પંચ - પંચ પરમેશ્વર
પુનરાગમન - ફરીથી આવવું તે
નજીવું - સામાન્ય
મુખમુદ્રા - ચહેરાની આકૃતિ
ધ્વનિયંત્ર - કાન
ઘોઘો - મૂર્ખ
કૌતુક - કુતૂહલ
વાલામૂજા - વહાલ જતાવતો ઉદ્ગાર
સખે - નિરાંતે

* રૂઢિપ્રયોગ :

ચીજ તફડાવી લેવી = કોઈની વસ્તુની ચોરી કરવી
પેટમાં ફાળ પડવી = મનમાં ધ્રાસકો પડવો, મનમાં અત્યંત ચિંતા થવી
દમ મારવો = ધમકી આપવી
રાતી આંખ કરવી = વધારે ગુસ્સો કરવો
ચોરના શાહુકાર હોવું = ચોર સાબિત થવું, લુચ્ચાઈ કરવી

Date:

⇒ નીચે આપેલા પ્રશ્નોના એક-એક વાક્યમાં જવાબ લખો :-

1) ઘર કેવું હતુ?
ઘર નાનું અને સફાઈદાર હતું.

2) ઘરમાં કઈ વસ્તુની શોધખોળ થઈ રહી હતી?
ઘરમાં માજુનો - ચાંદીનો પ્યાલો ની શોધખોળ થઈ રહી હતી.

3) બારી અડધી ઉઘાડી પડેલી જોઈ માજુએ મનમાં શું વિચાર્યું
બારી અડધી ઉઘાડી જોઈ માજુએ મનમાં વિચાર્યું કે આ અડધી ઉઘાડી બારી વડે પ્યાલો ભરજાઈ ગયો.

4) મણિલાલે નોકર સાથે કેવા વ્યવહાર કર્યો?
મણિલાલે નોકરને એક તમાચો મારી દીધો આવો સખત વ્યવહાર કર્યો.

5) 'માજુનો પ્યાલો' ક્યા હતો?
સરલાએ જે ખાનામા ટીકીટ સાચવી રાખી હતી તે ટેબલના ખાના માથી માજુનો પ્યાલો મળ્યો.

⇒ પ્રશ્નોના ત્રણ-ચાર વાક્યોમાં જવાબ લખો :-

1) ચાંદીનો પ્યાલો ક્યાં મૂકાતો હતો? તે ચોરાઈ જવાની ખાતરી માજુને ક્યારે થઈ?
માજુના ઓરડાની ત્રણેય બારીઓ કમ્પાઉન્ડ પર પડતી, પણ જે બારી પર પાણીની માટલી પડી રહેતી તે બારી ઉપર જવાના દાદરની છેક નજીક હતી. માટલી પર સદા-સર્વદા ચાંદીનો પ્યાલો પડી રહતો. જ્યારે તેમણે બારી અડધી-ઉઘાડી પડેલી જોઈ ત્યારે તેમના મનમાં ખાતરી સાથે નક્કી થઈ ગયેલુ કે પ્યાલો ચોરાઈ ગયો હતો.

Scanned with OKEN Scanner

2) નોકરે પ્યાલો ચોર્યો હશે એ જાણીને બાબુનો પુત્ર મણિલાલ શું કહ્યું ?

નોકરે પ્યાલો ચોર્યો હશે એ જાણીને બાબુનો પુત્ર મણિલાલે કહ્યું કે, " માંગીને લઈ જાય તો લાખ રૂપિયાની ના ન પાડીએ પણ આમ તો એક પાઈની ચીજ પણ ચોરાઈ તો ન પોસાય."

3) સરલા અને નાના કાંતિએ નોકર વિશે કયા સવાલો પુછ્યા?

સરલા અને કાંતિએ નોકર વિશે પુછ્યું કે, "હે બાબુ, પણ ચોરી એણે જ કરી હશે વળી પાંચ વર્ષના કાંતિએ કહ્યું કે તો બાબુ ગરીબ હોય તે બધા જ ચોરી કરે, આપણને આમ મહેતાજી, પોલીસ, શેઠ બધા જ મારે."

⇒ પ્રશ્નોના ચાર - પાંચ વાક્યોમાં લખો :-

1) પ્યાલો અંતે ક્યાંથી મળ્યો? તે મળ્યા પછી બાબુ અને મણિલાલે બાળકો પ્રત્યે કેવું વર્તન કર્યું?

પ્યાલો અંતે જે ટેબલના ખાનામાં સરલાએ ટીકિટ સાચવી રાખી હતી ત્યાંથી મળ્યો. કાંતિએ રોતા-રોતા પ્યાલો મુકવાની વાત કબુલી ત્યારે મણિલાલે મારવા માટે હાથ ઉગામ્યો! મણિલાલે બાળકોને ધમકાવ્યા એટલુ જ નહી પણ નોકર જ્યારે પોલિસ સ્ટેશનથી પાછો આવ્યો ત્યારે પણ મણિલાલે કાંતિના ગાલ પર એક તમાચો માર્યો અને વાતને દબાવી દિધી.

2) ઘરમાં વડીલ, બાબુના સ્વભાવ વિશે ટૂંકમાં લખો.

ઘરના વડીલ, બાબુ વૃદ્ધ હતાં પણ તેમની વૃદ્ધાવસ્થા તેમના દરેક અંગે સુધી પહોંચી નોહતી જ્યારે ચાંદીનો પ્યાલો ઘરમાં નથી મળતો ત્યારે પણ તે માંદા-માંદા આખા ઘરમાં તપાસ કરે છે, અને જ્યારે તે નથી મળતો ત્યારે તે ગરીબ નોકર પર આક્ષેપ મુકે છે, અને પોતે સાચા છે એમ ક્રૂરતાપૂર્વક માને પણ છે. તે નોકરની વાત પણ સાંભળતા નથી અને તેને પોલીસને સોંપી દે છે. જ્યારે સરલા અને કાંતિ ઉત્સુક પ્રશ્ન પુછે છે ત્યારે તેમને પણ બાબુ નિર્ભય થય છે. જ્યારે કાંતિથી

ભૂલમાં ટેબલના ખાનામાં પ્યાલો મુકાય ગયો હતો તે ખોલવા જતો હતો ત્યારે મામુ તેને ના પાડી. અમીર ભતિના વર્ગની ગરીબ વર્ગ પ્રત્યેનો અણગમો મામુના સ્વભાવ થકી સંભવ છે.

Scanned with OKEN Scanner

8/8/26

# 7. બુદ્ધિની પરીક્ષા

Page No.: Date:

YOUVA STELLAR

* શ્રુતલેખન :-

1) સમ્રાટ
2) કૃષ્ણદેવરાય
3) સિંહાસન
4) વાર્તાલાપ
5) ઉપસ્થિત
6) દ્રવિડ
7) પુરોહિત
8) સન્માનપૂર્વક
9) શીઘ્રતા
10) ત્રિપુંડધારી
11) બ્રાહ્મણ
12) આશીર્વાદ
13) પ્રસન્નતા
14) રામેશ્વર
15) કીર્તિ
16) કોષાધ્યક્ષ
17) સુવર્ણમુદ્રા
18) ગોપાલાધ્યક્ષ
19) અન્નપૂર્ણા
20) કૃપાદૃષ્ટિ
21) દુર્વચન
22) બુદ્ધિમત્તા
23) ઠઠ્ઠા- મશ્કરી
24) વિદ્વત્તા
25) રત્નોજડિત
26) વિનમ્રતાપૂર્વક
27) કિંમતી

* શબ્દાર્થ :-

નિર્ધન = ગરીબ
બુદ્ધિ = પ્રજ્ઞા
લલાટવાળા = કપાળવાળા, ભાલવાળા
આશીર્વાદ = આશિષ, શુભવચન
રાજપાટ = હકૂમત
તીર્થયાત્રા = ધાર્મિક સાંસ્કૃતિક સ્થળોની યાત્રા
કીર્તિ = નામના, પ્રસિદ્ધિ
ગોપાલાધ્યક્ષ = ગાયોની દેખરેખ રાખનાર મંડળનો ઉપરી અધિકારી
રાજભંડાર = રાજકોષ
કૃપાદૃષ્ટિ = ઈશ્વરની દયા
વિદ્વાન = જ્ઞાની માણસ

* રૂઢિપ્રયોગ :-

પગમાં ભમરો આવવી = ચારેબાજુ ફરતા રહેવું
અન્નપૂર્ણાની કૃપાદૃષ્ટિ બની રહેવી = અન્ન દેનાર માતાની દયાદૃષ્ટિ રહેવી

Scanned with OKEN Scanner

## લિખિત :

* નીચે આપેલા પ્રશ્નોના જવાબ એક-એક વાક્યમાં લખો :-

1) નગરમાં પ્રજાજનો ક્યાં બેઠા હતા?
નગરમાં પ્રજાજનો મહેલના સભાખંડમાં બેઠા હતા.

2) રાજા કૃષ્ણદેવરાય રાજસભામાં ક્યાં બેઠા હતા?
રાજા કૃષ્ણદેવરાય રાજસભામાં પોતાના સિંહાસન પર બિરાજમાન હતા.

3) રાજા કૃષ્ણદેવરાયે બ્રાહ્મણદેવતાનું કેવી રીતે બહુમાન વધાર્યું?
રાજા કૃષ્ણદેવરાયે કો કોષાધ્યક્ષને સો સુવર્ણમુદ્રાઓ અને ગોપાલાધ્યક્ષને ૨૬ ગાયો બ્રાહ્મણદેવતાને અર્પણ કરવાનું કહી તેમનું બહુમાન વધાર્યું.

4) બ્રાહ્મણદેવતાએ રાજાને ઊંડા હૃદયના આશીર્વાદ આપતા શું કહ્યું?
બ્રાહ્મણદેવતાએ હૃદયના ઊંડા આશીર્વાદ આપતા કહ્યું, "તમારા પગમાં હંમેશા 'ખરજ આવતી રહો' અને તમાર અધિકારીઓ સદા ચિંતાગ્રસ્ત રહો".

5) તેનાલીરામે બ્રાહ્મણદેવતાના આશીર્વાદનો અર્થ સમજાવતાં રાજા કૃષ્ણદેવરાયને એકાંતમાં શું કહ્યું?
તેનાલીરામે બ્રાહ્મણદેવતાના આશીર્વાદનો અર્થ સમજાવતાં રાજા કૃષ્ણદેવરાયને એકાંતમાં કહ્યું કે, "પગમાં ખરજ આવવાનો" અર્થ વારંવાર ભ્રમણ કરવાનો છે. આવા વ્યક્તિ એક જગ્યાએ સ્થિર ન રહેતાં ફરતાં રહે છે. આપ રાજા છો એટલે એમણે એમ જણાવ્યું કે તમે દેશમાં ફરી-ફરીને પ્રજાજનોના દુઃખદર્દ જાણો. જે રાજા ભ્રમણ કરીને દુઃખદર્દ નથી જાણતાં તે રાજા ક્યારેય લાંબા સમય સુધી રાજ્ય કરી શકે નહીં. જો આપ સતત ભ્રમણ કરતા રહો તો તેનાથી આપનો અધિકારી વર્ગ પણ ચિંતિત રહેશે, તેઓ પોતાની મનમાની નહીં કરી શકે, પ્રજાને હેરાન-પરેશાન નહીં કરી શકે. જો કોઈ અધિકારી ખોટી રીતે પ્રજાને પીડશે તો આપને ખબર પડી જશે! તેમનાં ખોટાં કાર્યો છુપાવી નહીં શકે. આમ બ્રાહ્મણદેવતાએ આપ

Scanned with OKEN Scanner

* નીચે આપેલાં પ્રશ્નોના જવાબ ત્રણ-ચાર વાક્યોમાં લખો.

1) નગરજનો સમક્ષ પધારતાં, બ્રાહ્મણદેવતાએ સભાખંડમાં રાજાને શું કહ્યું ?

નગરજનોની સમક્ષ પધારતાં, બ્રાહ્મણદેવતાએ કહ્યું, " સેવાની કોઈ આશા નથી, રાજન ! રામેશ્વરની તીર્થયાત્રા પર નીકળ્યો છું. નગર પાસેથી પસાર થતાં તમારી કીર્તિથી પ્રભાવિત થયેલો હું તમારા દર્શન કરવા જ આવ્યો છું."

Scanned with OKEN Scanner

12/8/26

# 8. પ્રાણવાયુ દૂષિત છે।

## * શબ્દાર્થ :

પ્રાણવાયુ = ઓક્સિજન
દોડ = ભાગદોડ
તત્ત્વો = પદાર્થ
સર્વત્ર = બધે જ
નીરવ = પવિત્ર
નષ્ટ = નાશ

## * જોડણી

1) ક્ષણ ભંગુર
2) પ્રાણવાયુ
3) દૂષિત
4) સર્વત્ર
5) પ્રકૃતિ
6) મૃત્યુ
7) પ્લાસ્ટિક
8) સિમેન્ટ
9) નષ્ટ
10) ઓર્ગેનિક
11) ઇનઓર્ગેનિક

## * નીચેના પ્રશ્નોના ટૂંકમાં જવાબ લખો :

1) ભુવનને ભુવંત રાજવાની દોડમાં આપણે શું કરી રહ્યાં છે?
ભુવનને ભુવંત રાજવાની દોડમાં આપણે પ્રકૃતિને નુકસાન પહોંચાડી રહ્યાં છીએ.

2) નીરવ નદીના નીર હવે ક્યાં છે?
નીરવ નદીના નીર વર્તમાન સમયમાં પ્લાસ્ટિકની બોટલમાં આવ્યાં છે.

3) જંગલો અને ખેતરો કાપીને ક્યા જંગલો કર્યા છે?
જંગલો અને ખેતરો કાપીને સિમેન્ટના જંગલો કર્યાં છે.

Scanned with OKEN Scanner

4) માનવરૂપી રાક્ષસે ક્યા તત્વોને નષ્ટ કર્યા છે?
માનવરૂપી રાક્ષસે પ્રકૃતિના તત્વોને નષ્ટ કર્યાં છે.

5) ઓર્ગેનિકના નામે શું ઊભું કર્યું છે?
ઓર્ગેનિકના નામે ક્યિનગાર્ઈન ઊભું કર્યું છે.

* **નીચે આપેલા પ્રશ્નોના વિસ્તૃત જવાબ લખો.**

1) તમે પ્રકૃતિ સામે કેવી રીતે જુઓ છો? તેના વિશે તમારા વિચાર સ્પષ્ટ કરો.
હું પ્રકૃતિને આદર, સન્માન અને જરૂરી રીતે જોવ છું. મને પ્રકૃતિ સાથે રહેવું ખૂબ ગમે છે સાથે તેની સુંદરતા માણવી ખૂબ ગમે છે. લીલાછમ વૃક્ષો, રંગબેરંગી ફૂલો અને પક્ષીઓનો કલરવ મને ખૂબ આનંદ આપે છે. પ્રકૃતિ આપણને સ્વચ્છ હવા, પાણી આપે છે. તેથી આપણે પ્રકૃતિનું રક્ષણ કરવું જોઈએ અને તેને સ્વચ્છ રાખવી જોઈએ.

2) જો તમને પ્રકૃતિના તત્વો નષ્ટ થતાં દેખાય તો તમે શું કરશો?
જો મને પ્રકૃતિના તત્વો નષ્ટ થતાં દેખાય, તો હું સૌ પ્રથમ તેમને પ્રકૃતિનું મહત્વ સમજાવીશ. હું વૃક્ષો કાપતા પ્રયત્ન કરીશ અને વધુમાં વધુ વૃક્ષ વાવીશ. પાણીનો બગાડ ન કરીશ અને બીજાને પણ પાણી બચાવવા સમજાવીશ. કચરો ગમે ત્યાં ન નાખીને સ્વચ્છતા જાળવીશ. આ રીતે હું પ્રકૃતિનું રક્ષણ કરીશ અને તેને સુંદર રાખવાનો પ્રયત્ન કરીશ.

3) જીવન એ કેવું છે અને તેને જીવવા આપણે કેવું રહેવું જોઈએ?
જીવનએ ક્ષણ ભંગુર છે. એક ક્ષણમાં ક્યારે શું થઈ જાય એ ખબર જ નથી તેથી જીવન જીવવા માટે આપણે પ્રકૃતિના તત્વોની માવજત કરવી જોઈએ ઉદ્યોગીકીકરણને કારણે પ્રકૃતિના તત્વો નાશ ન થવા જોઈએ તેની કાળજી આપણે જ રાખવી જોઈએ તેથી જીવન જીવવા પ્રકૃતિનો નાશ થતો અટકાવવો જોઈએ.

4) માનવરૂપી રાક્ષસે કયા તત્વોને નષ્ટ કર્યા છે?
માનવરૂપી રાક્ષસે પ્રકૃતિના તત્વોને નષ્ટ કર્યા છે.

5) ઓર્ગેનિકના નામે શું ઊભું કર્યું છે?
ઓર્ગેનિકના નામે કિચનગાર્ડન ઊભું કર્યું છે.

* **નીચે આપેલા પ્રશ્નોના વિસ્તૃત જવાબ લખો.**

1) તમે પ્રકૃતિ સામે કેવી રીતે જુઓ છો? તેના વિશે તમારા વિચાર સ્પષ્ટ કરો.
હું પ્રકૃતિને આદર, સન્માન અને જરૂરી રીતે જોવ છું. મને પ્રકૃતિ સાથે રહેવું ખૂબ ગમે છે સાથે તેની સુંદરતા માણવી ખૂબ ગમે છે. લીલાછમ વૃક્ષો, રંગબેરંગી ફૂલો અને પક્ષીઓનો કલરવ મને ખૂબ આનંદ આપે છે. પ્રકૃતિ આપણને સ્વચ્છ હવા-પાણી આપે છે. તેથી આપણે પ્રકૃતિનું રક્ષણ કરવું જોઈએ અને તેને સ્વચ્છ રાખવી જોઈએ.

2) જો તમને પ્રકૃતિના તત્વો નષ્ટ થતાં દેખાય તો તમે શું કરશો?
જો મને પ્રકૃતિના તત્વો નષ્ટ થતાં દેખાય, તો હું સૌ પ્રથમ તેમને પ્રકૃતિનું મહત્વ સમજાવીશ. હું વૃક્ષો કાપતા પ્રયત્ન કરીશ અને વધુમાં વધુ વૃક્ષ વાવીશ. પાણીનો બગાડ ન કરીશ અને બીજાને પણ પાણી બચાવવા સમજાવીશ. કચરો ગમે ત્યાં ન નાખીને સ્વચ્છતા જાળવીશ. આ રીતે હું પ્રકૃતિનું રક્ષણ કરીશ અને તેને સુંદર રાખવાનો પ્રયત્ન કરીશ.

3) જીવન એ કેવું છે અને તેને જીવવા આપણે કેવું રહેવું જોઈએ?
જીવનએ ક્ષણ ભંગુર છે. એક ક્ષણમાં ક્યારે શું થઈ જાય એ ખબર જ નથી તેથી જીવન જીવવા માટે આપણે પ્રકૃતિના તત્વોની માવજત કરવી જોઈએ ઔદ્યોગીકીકરણને કારણે પ્રકૃતિના તત્વો નસ્ટ ન થવા જોઈએ તેની કાળજી આપણે જ રાખવી જોઈએ તેથી જીવન જીવવા પ્રકૃતિનો નાશ થતો અટકાવવો જોઈએ.

Scanned with OKEN Scanner

4) કાવ્યના આધારે પ્રકૃતિના ક્યાં ક્યાં તત્ત્વો અહીં નષ્ટ થતાં દેખાય છે?

કાવ્યના આધારે પ્રાણવાયુ નષ્ટ થઈ રહ્યો છે કારણ કે પ્રદૂષણ વધતુ જાય છે. નીરવ નદીના નીર પણ પ્રદૂષિત થવા લાગ્યા છે. હવે નીર પ્લાસ્ટિકની બોટલમાં આવે છે. જંગલો અને ખેતરો ઓછા થઈ ગયા છે અને સિમેન્ટના જંગલો ઉભા કર્યા છે અને અચાનાક પ્રકૃતિની ભરપાઈ માટે ફરીથી ઓર્ગેનિકના નામે કિચનગાર્ડન ઊભા કર્યા છે. આમ અહીં સર્વત્ર રીતે પ્રદૂષણના લીધે પ્રાણવાયુ દૂષિત થાય છે.

Scanned with OKEN Scanner

15/8/26

# વિશેષણના પ્રકારો

- સંજ્ઞાના અર્થમાં કંઈક વિશેષતા લાવે કે સંજ્ઞાનો કોઈ વિશેષ ગુણ સૂચવે તેવા પદને 'વિશેષણ' કહે છે.

- વિશેષણ જેનો ગુણ કે ક્રિયા દર્શાવે તેને વિશેષ્ય કહેવાય છે.
  ઉ.દા: જૂનાગઢ ઐતિહાસિક શહેર છે.
  → વિશેષણ : ઐતિહાસિક
  → વિશેષ્ય : શહેર

## વિશેષણના પ્રકાર

- સ્વરૂપની દ્રષ્ટિએ
  - વિકારી
  - અવિકારી
- સ્થાન પ્રમાણે
  - અનુવાદ્ય
  - વિધેય
- અર્થની દ્રષ્ટિ
  - ગુણવાચક
  - સંખ્યાવાચક
  - ક્રમવાચક
  - પ્રમાણવાચક
  - દર્શકવાચક
  - પ્રશ્નવાચક
  - સાર્વનામિક

## (1) અર્થની દ્રષ્ટિએ

### 1) ગુણવાચક

કોઈપણ પ્રાણી કે પદાર્થનો ગુણ દર્શાવતા વિશેષણને ગુણવાચક વિશેષણ કહેવાય છે.

→ પેટા પ્રકારો : 1) - રંગવાચક વિશેષણ
2) - સ્વાદવાચક વિશેષણ
3) - આકારવાચક વિશેષણ

→ ઉદા. :- 1) બગીચામાં સુંદર ફૂલ છે. 3) મને મોળી ચા ભાવે છે.
2) પીળું પતંગીયું ઉડી રહ્યું છે. 4) સાપુતારાનો રસ્તો વાંકોચૂંકો છે.

Scanned with OKEN Scanner

## 2) સંખ્યાવાચક વિશેષણ:

સંખ્યા દર્શાવતા વિશેષણને સંખ્યાવાચક વિશેષણ કહે છે.

ઉ.દા: 1) બે ચોર પકડાઈ ગયા.
2) પચાસ વિદ્યાર્થીઓ અને છ શિક્ષકો પ્રવાસે ગયા.
3) પાંચ સભ્યોએ રાજીનામાં આપ્યા.
4) તેણે સો રૂપિયામાં પુસ્તક ખરીદ્યું.

## 3) ક્રમવાચક વિશેષણ:

→ ચોક્કસ ક્રમ દર્શાવતા વિશેષણને ક્રમવાચક વિશેષણ કહે છે.

1. પ્રિયંકા પ્રથમ નંબરે પાસ થઈ.
2. અમારી શાળા કબડ્ડીમાં બીજા ક્રમે જીતી.
3. શિવજીએ ત્રીજું નેત્ર ખોલ્યું.

## 4) પ્રમાણવાચક વિશેષણ:

→ વસ્તુ કે સ્થિતિનું પ્રમાણ સૂચવતા વિશેષણને પ્રમાણવાચક વિશેષણ કહેવાય.

1. આવકનો થોડો ભાગ દાનમાં આપવો જોઈએ.
2. મને અતિશય આનંદ થયો.
3. મને સંસ્કૃત જરાય આવડતું નથી.

Scanned with OKEN Scanner

M T W T F S S
Page No.
Date
YOUVA SPELLAR

5) દર્શકવાચક વિશેષણ:

→ ચોક્કસ વ્યક્તિ કે વસ્તુને સૂચવતા પદને દર્શકવાચક વિશેષણ કહેવાય.

1. પેલો છોકરો મૂંગો છે.
2. આ પાણી પીવા જેવું નથી.
3. એ ધ્રુવનો તારો છે.

6) પ્રશ્નવાચક વિશેષણ:

→ પ્રશ્ન પૂછવા વપરાતા વિશેષણને પ્રશ્નવાચક વિશેષણ કહેવાય.

1) તું કેવી ચા પીવે છે?
2) તારે શું કામ કરવાનું બાકી છે?
3) તેણે શી વાત કરી?

7) સાર્વનામિક વિશેષણ:

→ જે પદ સર્વનામ તરીકે આવે તેને સાર્વનામિક વિશેષણ કહેવાય.

1. મારી શાળા સ્વચ્છ શાળા.
2. હું શાળાએ નિયમિત જાઉં છું.
3. તેમનું સરનામું જ ખોટું છે.

19/8

Scanned with OKEN Scanner

# સ્વાધ્યાય

• વિશેષણ શોધી પ્રકાર લખો.

1) આ ચોપડી ખૂબ સુંદર છે. દર્શકવાચક, પ્રમાણવાચક, ગુણવાચક

2) ભલો માણસ દોડી ન શકે. ગુણવાચક

3) તેણે શું કામ કર્યું છે? પ્રશ્નવાચક, સાર્વનામિક

4) આ ગાડી મારા પિતાની છે. દર્શકવાચક, સાર્વનામિક

5) અમારા વર્ગમાં ચાળીસ વિદ્યાર્થીઓ છે. સંખ્યાવાચક, સાર્વનામિક

6) મને થોડું પાણી આપો. પ્રમાણવાચક, સાર્વનામિક

7) કાવ્યગાન સ્પર્ધામાં મારો પાંચમો નંબર આવ્યો. ક્રમવાચક, સાર્વનામિક

8) આ ડ્રેસ કોનો છે? દર્શકવાચક, પ્રશ્નવાચક

Scanned with OKEN Scanner

20/8/20

# કહેવતો

1) વાડ થઈને ચીભડાં ગળે - રક્ષક જ ભક્ષક બને.

2) મોરના ઈંડાને ચીતરવાં ન પડે - હોશિયાર માતાપિતાના સંતાનોમાં કંઈ કહેવાપણું ન હોય.

3) ઉતાવળે આંબા ન પાકે - ઉતાવળથી સારું કામ થાય નહિ.

4) સંપ ત્યાં જંપ - સંપ રાખવાથી સુખ શાંતિ મળે.

5) અધૂરો ઘડો છલકાય ઘણો - જેનામાં ઓછી આવડત હોય તે વધારે દેખાવ કરે.

6) સાપને ઘેર પરોણો સાપ - સમાન ગુણ સ્વભાવ હોય તો એકબીજા સાથેના વ્યવહારમાં અનુકૂળતા રહે.

7) ઝાઝા હાથ રળિયામણા - ઘણાં માણસો સાથે મળીને કામ કરે તો એ કામ ઝડપી બને સારું થાય.

Scanned with OKEN Scanner